રાયગઢ ગામના તળાવમાંથી બિનવારસી પુરૂષનો મૃતદેહ મળી આવતા ચકચાર

હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં ગઈકાલે સમી સાંજે આશરે ૫૦ વર્ષીય પુરુષની બિનવારસી હાલતમાં લાશ મળી આવતા ચકચાર મચી જવા પામી છે ગામના તળાવમાં બિનવારસી પુરૂષની લાશ મળી આવી હોવાના સમાચાર લોકોમાં વાયુવેગે પ્રસરી જતા ઘટનાસ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યાં હતાં અને ગ્રામજનોએ ગાંભોઇ પોલીસ મથકે જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને આશરે ૫૦ વર્ષની ઉંમર ધરાવતા મૃતકની લાશનો કબજો લઈ ગાંભોઈ પોલીસે પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડી મૃતકની ઓળખ વિધિના પ્રયાસો માટે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ધનસુરામાં ત્રણ દિવસ બાદ વાદળછાયું વાતાવરણ હટતા ખેડૂતોને રાહત

ધનસુરામાં ત્રણ દિવસ બાદ વાદળછાયું વાતાવરણ હટ્યું હતું અને તાપ નીકળતા ખેડૂતોને રાહત થઈ હતી. તાઉ તે વાવાઝોડાને લઈ છેલ્લા ત્રણ દિવસથી ધનસુરામાં વાદળછાયું વાતાવરણ હતું. ધનસુરામાં ૪.૫ ઈંચથી વધુ વરસાદ પણ વરસ્યો હતો. ત્રણ દિવસ બાદ વરસાદ અને વાદળછાયું વાતાવરણ હટતા આકાશમાં વાદળ હટ્યા હતા અને તાપ નીકળતા ખેડૂતોને રાહત થઈ હતી. ધનસુરામાં તાઉતે વાવાઝોડાને લઈ ધોધમાર વરસાદ વરસ્યો હતો. કેટલીક જગ્યાએ ધોધમાર વરસાદ ક્યાંક પવન સાથે વરસાદ વરસ્યો હતો. ધનસુરામાં ત્રણ દિવસથી વાદળછાયું વાતાવરણ હતું.

રાજસ્થાનથી સુરત લઈ જવાતો વિદેશી દારૂ શામળાજી ચેકપોસ્ટ પાસેથી ઝડપાયો

ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરનાર રાજસ્થાનનો શખ્સ ૫.૪૧ લાખના મુદ્દામાલ સાથે જડપ્યો

હિંમતનગર તા.૨૦

શામળાજી પોલીસે અણસોલ ગામની સીમમાં ચેકપોસ્ટ પાસે વાહન ચેકિંગ દરમિયાન લક્ઝુરિયસ ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરનાર રાજસ્થાનના શખ્સને ૫.૪૧ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ વિદેશી દારૂ મંગાવનાર તથા દારૂ ભરી આપનાર વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ ગુન્હો રજીસ્ટર કરી આરોપીઓનું પગેરું શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી - ઉદેપુર નેશનલ હાઈવે નંબર-૮ ઉપર અણસોલ ગામની સીમમાં ચેકપોસ્ટ પાસે શામળાજી પોલીસ વાહન ચેકિંગ કરી રહી હતી તે દરમિયાન રાજસ્થાન તરફથી આવતી ગાડી ની તપાસ હાથ ધરતા ગાડીની પાછળના ભાગે બોડી નીચે ટાયર મુકવાની જગ્યાએ પ્લાસ્ટિકની મીણીયાની થેલીમાંથી વિદેશી દારૂની પેટી નંગ-૨ કિં.રૂ.૩૯૭૨૦/- મુદ્દામાલ મળી આવતા પોલીસે કાર કિં.રૂ. ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૫૪૧૭૨૦/- નો મુદ્દામાલ સાથે રાજસ્થાનના શખ્સની ની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ વોન્ટેડ આરોપીઓ વિરુદ્ધ ગુનો રજીસ્ટર કરી દારૂ મંગાવનાર તથા દારૂ ભરી આપનાર આરોપીઓને શોધવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

દારૂની હેરાફેરી કરતા ઝડપાયેલા આરોપી

જીવનસિંહ ભગવાનસિંહ ચુડાવત રહે - બારડોલીગામ , તાલુકો - બારડોલી જીલ્લો - સુરત મૂળ રહે - રાજાજીકા કરેડા તાલુકો - માંડલ જીલ્લો - ભિલવાડા (રાજસ્થાન)

વોન્ટેડ આરોપીઓ : (૧) અજાણ્યા ઈસમ નામ - સરનામું મળેલ નથી (દારૂ ભરી આપનાર) (૨) હિરેનભાઈ પટેલ રહે - પલસાણા તાલુકો - કામરેજ જીલ્લો - સુરત (દારૂ મંગાવનાર આરોપી)

તાઉ-તે વાવાઝોડાની અસરને પગલે વીજપોલ ધરાશાયી થતા ગુહાઈનું પાણી બંધ, બે થી ત્રણ દિવસ પાણીનો કાપ રહેશે

પાણીનો સપ્લાય અનિયમિત રહેવા અંગે નગરપાલિકા તંત્ર દ્વારા સોશિયલ મીડિયા પર જાહેરાત કરાઈ

હિંમતનગર તા.૨૦

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરોને પગલે વિશાળ વૃક્ષો સહિત અનેક વિજપોલો ધરાસાઈ થયા છે ત્યારે ગુહાઈ ડેમના સાઈડ પરનો ઈલેક્ટ્રીક વિજપોલ એકાએક ધરાશાયી થતા ગુહાઈ ડેમમાંથી આવતું પાણી હાલ પૂરતું બંધ કરવામાં આવ્યું છે તેમજ વીજપોલ ધરાશાયી થતા લાઈટ ન હોવાને કારણે બોરમાંથી પાણી ભરવા માટે પણ સમસ્યા ઊભી થવા પામી છે જેને લઈને હિંમતનગર નગરપાલિકા તંત્ર દ્વારા સોશિયલ સાઈટ ઉપર જાહેરાત કરવામાં આવી છે કે આગામી બે થી ત્રણ દિવસ સુધી પાણી સપ્લાયમાં અનિયમितता સાથે અગવડ રહેશે વધુમાં નગરપાલિકા તંત્ર દ્વારા જણાવ્યા અનુસાર વાવાઝોડાને કારણે ઊભી થયેલી સમસ્યા અંગે તંત્ર દ્વારા વહેલી તકે આ સમસ્યાનું સમાધાન કરવા તમામ ટીમો ખડે પગે કામગીરીમાં જોડાઈ ગઈ છે.

સતત ઘટતું કોરોના સંક્રમણ : ઉત્તર ગુજરાતમાં સંક્રમિત કેસ ૯૩૦૦, માત્ર અરવલ્લીમાં ૧ નું મોત

ટેસ્ટીંગ ઘટાડતાં સંક્રમણ ઘટ્યું..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

તાઉ-તે વાવાઝોડાના કારણે કોરોના ટેસ્ટીંગનું પ્રમાણ ઘટ્યું છે અને તે અગાઉ પણ એન્ટિજન ટેસ્ટ કિટની અછતના કારણે ટેસ્ટીંગ ઉપર અસર પડી હતી પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરેલા આંકડા મુજબ ઉત્તર ગુજરાતમાં સતત કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ૫ જિલ્લામાં ૯૩૩૦ સંક્રમિત કેસ નોંધાયા છે અને એકમાત્ર અરવલ્લીમાં કોરોનાગ્રસ્ત દર્દીનું મોત નિપજ્યું છે.

સત્ય ઉપર ગમે તેટલી ઢાંકપીછોડ કરવામાં આવે પરંતુ છુપું રહેતું નથી. ઉત્તર ગુજરાતના આરોગ્ય વિભાગ ઉપર કોરોના સંક્રમિત કેસ અને મોતના આંકડા છૂપાવવાના ગંભીર આરોપ લાગ્યા છે. ભલે સરકારી દફતર ઉપર કોવિડ-નોનકોવિડના ભેદભાવ ઉભા કરી મૃત્યુ આંકડા ન દર્શાવાય પરંતુ જે ગામમાં દર્દીના મોત નિપજ્યા છે તે છૂપાવી શકાતું નથી. ઉત્તર ગુજરાતના સ્મશાન ગૃહમાં લાકડાંની અછત વર્તાય એટલી હદે શબ સ્મશાન ગૃહમાં આવી રહ્યા છે. પરંતુ જે રીતે આરોગ્ય વિભાગે સંક્રમણ ઉપર કાબુ મેળવ્યાનો આંકડાકીય દાવો કર્યો છે તે સ્વીકારવો પડતો હોય છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં અગાઉ મહેસાણામાં કોરોના સંક્રમણ બેકાબુ બની દૈનિક ૬૦૦૦ સંક્રમિત કેસ સુધી પહોંચ્યું હતું જેમાં ઘટાડો થઈ હવે માત્ર સંક્રમિત કેસ એક જ દિવસમાં ૩૭૬૨ નોંધાયા છે. જ્યારે બનાસકાંઠા જિલ્લો સૌથી વધુ માનવ વસતી ધરાવતો હોવા છતાં અહીંયાં કોરોના સંક્રમણ લગભગ અંકુશમાં હોય તેવા આંકડા જોવા મળ્યા છે.

પાછલા ૨૪ કલાકમાં સંક્રમિત કેસ..

જિલ્લો	સંક્રમિત કેસ
મહેસાણા	૩૭૬૨
પાટણ	૧૪૮૨
સાબરકાંઠા	૧૬૯૪
અરવલ્લી	૧૪૬૪
બનાસકાંઠા	૯૮૨

શ્રદ્ધાંજલિ સભા યોજાઈ : હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૨૦૦ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત, ૭ નાં મોત

મૃતક કર્મચારીઓને કોરોના વોરિયર્સ જાહેર કરવા સરકાર સમક્ષ માંગ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

હિંમતનગર એસ.ટી. ડીવીઝનના ૭ કર્મચારીઓને કોરોના ભરખી જતાં એસ.ટી. કર્મચારીઓમાં શોકનો માહોલ છે ત્યારે હિંમતનગર વિભાગ સંકલન સમિતિ દ્વારા ઈડર ખાતે મૃતક કર્મચારીઓ માટે શ્રદ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી જેમાં મૃતક એસ.ટી. કર્મચારીઓને કોરોના વોરિયર્સ જાહેર કરી પરિવારને સહાયનો લાભ આપવા રાજ્ય સરકાર સમક્ષ માંગ કરવામાં આવી છે.

કોરોનાના કપરા કાળમાં એસ.ટી. કર્મચારીઓએ પોતાના જીવની પરવા કર્યા વગર એસ.ટી. બસો નિયત રૂટ ઉપર દોડાવી જેના કારણે રાજ્યનું જનજીવન પણ ધબકતું રહ્યું હતું. હિંમતનગર એસ.ટી. ડીવીઝનના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, ભિલોડા, બાયડ, મોડાસા, વિજાપુર, માણસા સહિતના ડેપોના ૨૦૦ થી વધુ કર્મચારીઓ કોરોનાથી સંક્રમિત થયા હતા. જ્યારે સંક્રમિત થયેલા કર્મચારીઓમાં ૭ કર્મચારીઓને કોરોના ભરખી જતાં એસ.ટી. કર્મચારીઓમાં શોક છવાયો હતો. કોરોનાનું સંક્રમણ ઓછું થયા પછી ઈડર ખાતે કોરોના સામે જીંદગીનો જંગ હારનારા કર્મચારીઓ માટે શ્રદ્ધાંજલિ સભાનું આયોજન થયું. પોતાના સાથીઓને શ્રદ્ધાંજલિ આપતાં અનેક કર્મચારીઓ ભાવુક બની ગયા હતા.

ત્યારબાદ ઉપસ્થિત કર્મચારી સંગઠનના આગેવાનોએ મૃતક કર્મચારીઓએ કોરોના સમયે કામગીરી બજાવી છે જેથી તેમને કોરોના વોરિયર્સ જાહેર કરવા માટે સરકાર સમક્ષ રજૂઆત કરવાનો નિર્ણય લીધો હતો.

જન્મદિને વધામણી

હુતેશ સર્વેશકુમાર પટેલ
દખણેશ્વર તા. બાયડ

હેનીલ સુનિલકુમાર રાઠોડ
ઉભરાણ તા. માલપુર

યુક્તાકુમારી
ડૉ.ઈન્દ્રરાજસિંહ ચૌહાણ
(શાંતિકુંજ સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

દિક્ષિતભાઈ આર. પટેલ
(પૂર્વ સરપંચ : દખણેશ્વર ગ્રામ પંચાયત)
દખણેશ્વર, તા.બાયડ

પ્રિતમભાઈ પટેલ
(ખજાનચી : જાયન્ટ્સ ગ્રુપ બાયડ)
(નારાયણનગર સોસાયટી)
બાયડ, જિ.અરવલ્લી

તરંગભાઈ એમ. પટેલ
અજબપુરા, તા.બાયડ

ઓનલાઈન છેતરપીંડી, થરાસણા ગામની હાઈસ્કૂલમાં પ્રાઈવેટ જોબ કરતો શિક્ષક ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બન્યો

ફરિયાદીની પત્નીના એકાઉન્ટમાં મૂળ કિંમત કરતાં વધારે રૂપિયા રિફંડ કરી વિશ્વાસ સંપાદન કરી ગઠિયાએ ઓનલાઇન છેતરપિંડી આચરી

હિંમતનગર , બાયડ તા.૨૦

સાબરકાંઠા જિલ્લાના વડાલીના શિક્ષકે એમેઝોન નામની એપમાંથી ઓનલાઈન મોબાઈલ ફોન મંગાવ્યા બાદ મોબાઈલ હેંગ થતા કસ્ટમર કેરમાં ફોન કરતા કોઈ અજાણ્યા ગઠિયાએ એની ડેસ્ક નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી હ્રૈહી ખરીદેલ મોબાઈલની મૂળ કિંમત કરતા વધારે રકમ રિફંડ કરી વિશ્વાસ સંપાદન કરી શિક્ષણની પત્નીના મોબાઈલમાં phonepe ઉપર યુપીઆઈ id મેળવી ત્રણથી ચાર વખત અલગ અલગ ટ્રાન્ઝેક્શન કરી રૂપિયા ૯૭ હજારથી વધુની રકમ ઉપાડી લઈ ઓનલાઈન છેતરપીંડી આચરતાં અજાણ્યા ગઢીયા વિરુદ્ધ વડાલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલીના સગરવાસ માં રહેતા અને થરાસરા ગામની હાઈસ્કૂલમાં શિક્ષણ તરીકે પ્રાઈવેટ નોકરી કરી ટ્યુશન કલાસીસ ચલાવતા શિક્ષક નિલેશભાઈ મહેન્દ્ર ભાઈ પંડ્યાએ ગત રોજ તારીખ ૬ માં ૨૦૨૧ ના રોજ એમેઝોન એપ થી રીયલ મી ૧૦ નામનો મોબાઈલ ફોન કિ.રૂ.૧૨૪૯૯/- માં ઓનલાઈન મંગાવ્યો હતો ત્યારબાદ મોબાઈલ ફોન હેંગ થતા google ઉપર સર્ચ કરીને કંપનીના કસ્ટમર કેર નંબર ઉપર ફોન કરતા અજાણ્યા ગઠિયાએ નિલેશભાઈ પંડ્યાના વડાલી શાખાના બેંક ઓફ બરોડાના પતિ - પત્નીના જોઈન્ટ સેવિંગ એકાઉન્ટમાં રૂપિયા ૨૪,૯૯૮/- જમા કરાવ્યા બાદ મોબાઈલની મૂળ કિંમત કરતા વધારે રૂપિયા તમારા ખાતામાં ટ્રાન્સફર થઈ ગયા હોવાનું જણાવીને અજાણ્યા મોબાઈલ ધારક ગઠિયાએ નિલેશભાઈ પંડ્યાને anydesk નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમની પત્નીના મોબાઈલ ઉપર ફોન પે નો યુપીઆઈ આઈડી મેળવી અલગ-અલગ ત્રણથી ચાર વખત ટ્રાન્ઝેક્શન કરાવી બેંક ખાતામાંથી રૂપિયા ૯૭,૯૯૯/- ઉપાડી લીધા હતા ત્યારબાદ નિલેશભાઈ પંડ્યાને પોતાની સાથે થયેલી છેતરપીંડીનો અહેસાસ થતા તેમણે વડાલી પોલીસ મથકે પોતાની સાથે થયેલ ઓનલાઈન છેતરપિંડી અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

તાઉ-તે વાવાઝોડામાં નિરાધાર થયેલા

શ્રમજીવી પરિવારોની મુલાકાત લઈ પોલીસ દ્વારા જરૂરી દવાઓ અને રાસન કિટની વહેંચણી કરવામાં આવી

તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરોને પગલે ભારે વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલા શ્રમજીવી પરિવારોની હિંમતનગર બી ડીવીઝનની શક્તિ વિંગ ટીમ દ્વારા મુલાકાત લઈ શ્રમજીવી પરિવારોને જરૂરી દવાઓ તથા રાસન સામગ્રી ની વહેંચણી કરવામાં આવતા શ્રમજીવી પરિવારો માં રાહતની લાગણી પ્રસરી જવા પામી હતી

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં તાઉ-તે વાવાઝોડાની સંભવિત અસરોને પગલે ભારે પવન ફૂંકાવાની સાથે ધોધમાર વરસાદ ખાબકતા ઝુપડપટ્ટીમાં અને કાચા મકાનોમાં વસવાટ કરતા અનેક શ્રમજીવી પરિવારોના ઘરના છાપરાઓ અને તાડપત્રી ઓ ઉડી જતા શ્રમજીવી પરિવારો નિરાધાર બની ગયા છે ત્યારે હિંમતનગર એ ડિવિઝનની શક્તિ વિંગ ટીમ ગરીબ શ્રમજીવીઓની વહારે આવી છે શક્તિ વિંગ ટીમ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને ગરીબ શ્રમજીવી પરિવારોને જરૂરી દવાઓ પૂરી પાડી રાશન કીટની વહેંચણી કરવામાં આવતા પોલીસની આ કામગીરી પ્રત્યે લોકોમાં પોલીસની ખરડાયેલી છાપ વચ્ચે પોલીસ પ્રત્યે ની સહાનુભૂતિ ઊભી થવા પામી છે.

કોરોના ઘાતક : બાયડ ગાયત્રી પરિવારના જ્યંતિભાઈ પટેલને કોરોના ભરખી ગયો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૦

બાયડ તાલુકામાં કોરોનાની મહામારી માનવ ભક્ષી બની છે. બાયડ ગાયત્રી શક્તિપીઠમાં ગાયત્રી પરિવાર માટે આંચકારૂપ બની છે. કોરોનાનું સંક્રમણ વધુ બેકાબુ બન્યું. જેના કારણે બાયડ તાલુકામાં હજારો લોકો સંક્રમિત બન્યા. અરવલ્લી જિલ્લામાં મોડાસા પછી બાયડ તાલુકામાં કોરોનાના કારણે મૃત્યુદર ઉંચકાયો છે. વાત્રક અંતિમ ધામમાં દરરોજ ૫ થી ૬ શબના અંતિમ સંસ્કાર થતા હોવાનું નજરે જોનારા જણાવી રહ્યા છે. તાજેતરમાં જ ગાયત્રી શક્તિપીઠ-બાયડના સંચાલક મનહરભાઈ પટેલ કોરોનાથી સંક્રમિત થયા પછી કોરોનાને હરાવ્યો પરંતુ બીજા દિવસે હૃદય રોગનો હુમલો આવતાં મોત નિપજ્યું તેના આઘાતમાંથી ગાયત્રી પરિજનો હજુ બહાર આવ્યા નથી ત્યાં તા.૧૮ના રોજ ગાયત્રી શક્તિપીઠ-બાયડના સાહિત્ય સ્ટોલમાં વર્ષોથી સમયદાન આપતા સુંદરપુરાના ગાયત્રી પરિજનનું કોરોનાના કારણે મોત નિપજતાં ગાયત્રી પરિજનોને વધુ એક આઘાત લાગ્યો છે. આ અગાઉ વજેપુરાકંપા અને જૂનીવાસણીના પણ ગાયત્રી પરિજનના મોત નિપજ્યા છે.

નિત્યક્રમ : ઘરેથી સાયકલ લઈને દરરોજ ગાયત્રી મંદિર આવવાનું..

ગાયત્રી શક્તિપીઠ-બાયડમાં વર્ષોથી સમયદાન આપતા સુંદરપુરાના વૃદ્ધ જ્યંતિભાઈ પટેલનું કોરોનાના કારણે મોત નિપજ્યું છે. તેઓ શિયાળો, ઉનાળો કે ચોમાસું હોય અને ગમે તેવી કપરી પરિસ્થિતિ હોય તો પણ દરરોજ સવારે ૮-૧૫ કલાકે સુંદરપુરાથી સાયકલ લઈને બાયડ ગાયત્રી શક્તિપીઠ આવતા અને ત્યાં મંદિરમાં દર્શન કરી સાહિત્ય સ્ટોલમાં સમયદાન આપતા. તેમના નિધનથી ગાયત્રી પરિજનોને મોટી ખોટ પડી છે.

વર્ષોથી સમયદાન આપતા સુંદરપુરાના ગાયત્રી પરિજન જ્યંતિભાઈ પટેલનું કોરોનાના કારણે મોત નિપજતાં ગાયત્રી પરિજનોમાં શોક છવાયો છે. પાછલા એક મહિનામાં બાયડ તાલુકામાં જ કોરોના તેમજ અન્ય કારણોસર ૪ ગાયત્રી પરિજનોના મોત નિપજ્યા છે.

કોરોનાની બીજી લહેર

VLEs માટે ચેટ બોટ EVA લાવવા એચડીએફસી બેંક અને CSCએ હાથ મિલાવ્યાં

અમદાવાદ, ૨૦

ગ્રામ્ય વિસ્તારોના છેવાડાના ગ્રાહકો સુધી બેંકિંગ સેવાઓ પૂરી પાડવા વિલેજ લેવલ આંત્રપ્રેન્યોર્સ (VLEs)ને મદદરૂપ થવા માટે એચડીએફસી બેંક અને કૉમન સર્વિસિઝ સેન્ટર્સ (CSCs)એ આજે CSCના ડિજિટલ સેવા પોર્ટલ પર 'ઈવા' નામના ચેટબોટને લૉન્ચ કરવાની જાહેરાત કરી હતી.

ઈવા મારફતે VLEs એચડીએફસી બેંક દ્વારા પૂરી પાડવામાં આવતી પ્રોડક્ટ્સ અને સેવાઓ અંગે જાણી શકશે, જેના બદલામાં છેવાડાના ગ્રાહકોને પૂરી પાડવામાં આવતી સેવાઓ સુધરશે.

24X7 સક્રિય રહેનારી આ સેવાની મદદથી VLEs વિવિધ ઉત્પાદનો, પ્રક્રિયાઓ અંગેની સચોટ માહિતી મેળવી શકશે અને એચડીએફસી બેંકની સેવાઓ સંબંધિત પ્રશ્નોને ઉકેલી શકશે. ખાતા ખોલી, લૉનની લીડ જનરેટ કરી અને ઉત્પાદનોની વિગતો અંગે જાણકારી મેળવીને VLEs તેમના બિઝનેસને વધારી શકશે. ઈવાની મદદથી VLEs નિયામકીય પ્રક્રિયા મુજબ, પ્રમાણપત્ર મેળવતા પહેલાં ક્વિઝના ઉત્તરો આપીને બિઝનેસ કોરેસ્પોન્ડેન્ટ (BC) બનવા માટેનું તાલીમનું વિષયવસ્તુ પણ મેળવી શકશે.

ભારતના અર્ધ-શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં એચડીએફસી બેંકના ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડવા માટે હાલમાં 1,27,348 VLEs કામ કરી રહ્યાં છે. તેમાંથી 15,791 VLEs બિઝનેસ કોરેસ્પોન્ડેન્ટ્સ છે, જેઓ ભારતના ૬૮૫ જિલ્લાઓમાં બેંકિંગ આઉટલેટ્સ મારફતે ગ્રાહકોને સેવાઓ પૂરી પાડી રહ્યાં છે. આ બિઝનેસ કોરેસ્પોન્ડેન્ટ્સ હૉમ લૉન, કાર લૉન, ટુ-વ્હિલરની લૉન, ટ્રેક્ટરની લૉન, ચાલું અને બચત ખાતું ખોલવું તથા રીકરિંગ અને બાંધી મુદતની થાપણ દ્વારા બચત કરવી વગેરે જેવી સેવાઓ મેળવવામાં નાગરિકોને મદદરૂપ થાય છે.

આ ચેટ બોટના લૉન્ચ અંગે વાત કરતાં એચડીએફસી બેંકના ગવર્મેન્ટ અને ઈન્સ્ટિટ્યૂશનલ બિઝનેસ (GIB) તથા સ્ટાર્ટ-અપ્સના હેડ સુશ્રી સ્મિતા ભગતે જણાવ્યું હતું કે, 'આ પહેલ ઈન્ડિયા અને ભારત વચ્ચેના અંતરને દૂર કરશે. ઈન્ડિયાના શહેરી વિસ્તારો ડિજિટલ વિશ્વને જાણવા અને અપનાવવામાં ખૂબ જ ઝડપી છે પરંતુ ભારતને હજુ સુધી તેનો લાભ મળી શક્યો નથી. અમે VLEsને બેંકિંગ સેવાઓ અંગે વધુ જાણકારી પૂરી પાડી તથા અન્યોને મદદરૂપ થવા તેમના બિઝનેસ સુધારી તેમનું સશક્તિકરણ કરીને પરિવર્તન લાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છીએ. આ પહેલને પગલે અર્ધ-શહેરી, ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં બેંકિંગ સેવા પૂરી પાડવાની બેંકની કટિબદ્ધતા પૂરી થઈ શકશે.